

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## તાજા ગોળની મીઠાશ

- શાસ્ત્રીહરિપ્રિયદાસ(ગાંધીનગર)

સ્વર્ગથી પણ અધિક અને અક્ષરધામરૂપ એવું છપૈયાધામ. વહેલી પ્રભાતનો સમય થયો છે. સૂર્યનારાયણ તેમના કોમળ કો કિરણોરૂપી સુવર્ણ ચાદર ધરા ઉપર બિછાવવાની તૈયારી કરી રહ્યાં છે. પ્રફુલ્લિત અને આહ્‌લાદક વાતાવરણ છે. મીન સરોવર, નારાયણ સરોવર અને ગાયઘાટનાં નીર ખળખળ વહી રહ્યાં છે. ઘરે ઘરેથી પ્રભાતિયાં ગવાતાં હોય, વલોણાં અને ઘંટીના ફરવાના ઘરર...ઘરર.... અવાજમાંથી રાગ ભૈરવી પ્રગટતો હોય એમ જણાય છે !! આવા સુંદર વાતાવરણમાં કોને સૂઈ રહેવું ગમે ? કોઈને નહીં. આવા જ સમયે શ્રી ઘનશ્યામ મહારાજના ઘરે સવારના સમયે ભક્તિમાતા દળતાં દળતાં પ્રભાતિયું ગાતાં જાય છે. એ સાંભળી ઘનશ્યામ મહારાજ નિદ્રાનો ત્યાગ કરી ઉઠી ગયા છે.

ત્યારપછી સવારની દૈનિક ક્રિયાથી પરવારી પ્રથમ પિતાજી ધર્મદેવને અને પછી ભક્તિમાતાને પ્રણામ કર્યા છે. પછી પિતા પાસે બેસી પૂજા-પાઠ કરી સ્વાધ્યાય લઈ શાસ્ત્રો શીખે છે અને પછી બાળસખા સાથે રમવા જવાની માતા-પિતા પાસે આજ્ઞા માગે છે. અને હર્ષભેર માતાપિતા અનુમતિ આપે છે પણ સાથે શિખામણ આપે છે. જો.... જો.... જાળવીને રમજો અને હા.... કોઈને ત્રાસ થાય એવી રમત ના રમશો. ઘનશ્યામ મહારાજ કહે - સારૂં એમ જ કરીશું. ઘર બહાર નીકળ્યા. ઘરની બહાર બાળ સખા રાહ જોઈ જ રહ્યા હતાં. - પ્રભુને મળ્યા અને વાતો કરવા માંડ્યા, ઘનશ્યામજી આજે કઈ તરફ રમવા જઈશું ? તમે જ કહો, તમને પહેલાં કોનું ઘર યાદ આવે ? ‘‘મામા’’નું ..... હા એમ જ ઘનશ્યામ મહારાજે પણ કહ્યું, ‘‘જુઓ મિત્રો ! આપણા મોતી મામાનું ખેતર અહીંથી નજીક જ છે. અને વળી સાંભળ્યું છે કે, શેરડી બહુ જ થઈ છે અને ગોળ બનાવવા રસના ‘કોલા’ પણ બેસાડ્યાં છે. ત્યાં જઈએ તો કેવું ? બધા જ બાળમિત્રો એકી સાથે બોલી ઊઠ્યા, ત્યાં જ જઈએ. મામાના ખેતરે અને વળી શેરડીનો તાજો તાજો નીકળતો રસ પીવાની બહુ જ મઝા આવશે ! ત્યાં તો એક મિત્ર બોલ્યો, મોડું શા માટે કરો છો? મારાં મોં માં તો અત્યારથી પાણી આવવા માડ્યું છે. ચાલો જલ્દી પહોંચી જઈએ.

આમ, ઘનશ્યામ મહારાજ અને બાલમિત્રોની મંડળી નીકળી. ત્યાં તો ઘનશ્યામ મહારાજનો બાળસખા ‘વેણી’ બોલ્યો, અરે, ઘનશ્યામજી મામાના ખેતરે જતાં

વચમાં સૂરજા મામીનું ઘર આવે છે તો ત્યાં પણ જતા જઈએ તો કેમ ? ઘનશ્યામ કહે હા, એમ જ કરીશું. બધા સૂરજામામીના ઘરે ગયા. મામીએ ઘનશ્યામજીની તથા બાળસખાની સરભરા કરી. બાળકો આંબલી-પીપળી, સંતાકુકડી રમયા અને પછી મામાના ખેતર ભણી ચાલ્યા - રસ્તામાં મામીએ કેવી સરભરા કરી તેની હોંશથી અને આનંદથી વાતો કરતા જતા હતાં. ત્યાં તો દૂરથી મામાનું ખેતર દેખાયું. બાળમિત્રોની ધીરજ રહી નહી. ને ખેતરભણી દોડ્યા. શેરડી પીલાતી હતી અને ગોળ બનતો હતો. તેની સુગંધથી બાળકો અધિરા બની ગયા !

ફટાફટ કોલામાંથી નીકળતો શેરડીનો તાજો રસ પીવા માંડ્યા. પણ ઘનશ્યામજી તો રસને અડ્યા જ નહી. અને શેરડીનો સાંઠો લઈ, ધોઈ અને મુખ વડે છોતરાં ઉતારી દાંતથી ચૂસવા માંડ્યા. કારણ કે ઘનશ્યામ મહારાજને ખબર હતી કે શેરડીને ચૂસીને ખાવાથી ફાયદો થાય છે. તૈયાર રસ પીવાથી ફાયદો થતો નથી. મિત્રોએ ધરાઈને રસ પીધો. પછી ગરમ ગરમ ગોળના રસના વાટકા ભર્યા અને એ પણ પીધાં. મિત્રો બોલી ઉઠ્યા, હાશ ! સારૂ થજો ઘનશ્યામજી તમારૂં કે અમને આ જ રસ અને ગોળ તાજેતાજા જમવા મળ્યા !!

બપોર થઈ ગઈ હતી. હવે બાળકો ગરમીથી અકળાયા તે ઘનશ્યામજીને કહે, ચાલો મીનરોવર પાસે મોટો મહુડો છે ત્યાં શિતળ છાયા છે ત્યાં જઈને આરામ કરીશું. બધા ચાલ્યા તે મહુડાના વૃક્ષ પાસે પહોંચ્યા. ત્યાં જ એક મોટા નાગને જોઈ મિત્રો ગભરાઈ ગયા ને પાછા પડ્યા. જુઓ, ઘનશ્યામ ત્યાં બખોલમાં મોટો નાગ છે. પાછા વળી જઈએ. ઘનશ્યામજીતો નિર્ભય મૂર્તિ છે. મિત્રોને આશ્વાસન આપ્યું. અને મહુડાની નજીક ગયાં ત્યાં તો તે નાગ ઘનશ્યામજીના ચરણમાં આળોટવા લાગ્યો અને મનુષ્ય શરીર ધારણ કરી પ્રાર્થના સાથે આજીજી કરવા લાગ્યો.

યાદ છે, ઘનશ્યામજી ! કૃષ્ણાવતારમાં યમુનાના ધરામાં હું મારી બે પત્નીઓ સાથે રહેતો હતો ત્યારે હું તમારી સામો થયો હતો. એ અપરાધના કારણે મારો મોક્ષ થયો નથી તો આપ કૃપા કરીને મારો મોક્ષ કરો. તેની પ્રાર્થના અને આજીજીથી ઘનશ્યામ મહારાજે કરૂણા કરી શિતળ દ્રષ્ટિ તેના ઉપર કરી ત્યાં તો તેનો નાગનો દેહ છૂટી ગયો. અને દિવ્ય દેહ ધારણ કરી વિમાનમાં બેસી ધામને પામ્યો. આમ શ્રી ઘનશ્યામજીએ એક સાથે બે કામ કર્યા. બાળકોને રમાડ્યા, હસાડ્યા અને કૃષ્ણાવતારમાં કાલીયનાગના મોક્ષનું બાકી રહેલું કામ શ્રીહરિએ આ વખતે પૂર્ણ કર્યું.

બાળમિત્રો ! ઘનશ્યામ મહારાજના બાલચરિત્ર ઉપરથી આપણે એ પ્રેરણા લેવી જોઈએ - દરરોજ વહેલા જાગવું, માતા-પિતાને વંદન કરવા, પૂજા પાઠથી પરવારી અભ્યાસમાં ધ્યાન આપવું અને માતા-પિતાની અનુમતિ લઈને રમવું. જો આવી રીતે કરીશું તો આપણને પણ ઘનશ્યામ મહારાજ શેરડીનો રસ પાસે અને તાજો ગોળ જમાડશે. ને જીંદગીમાં સદાય સુખ અને આનંદ રહેશે.